ગાંધીનગર સમાચાર

# મણિપુરમાં છુપો હુમલો : ૨૦ જવાન શહીદ

## છેલ્લા ૧૬ વર્ષમાં બંડખોરો દ્વારા સૌથી ભીષણ હુમલો કરાયો

ઈમ્ફાલ, તા. ૪

મણિપુરના ચંડેલ જિલ્લામાં બળવાખોરો દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં આજે ઓછામાં ઓછા ૨૦ જવાનો શહીદ થયા હતા અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા હતા. કેટલાક લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ૬ ડોગરા રેજિમેન્ટની ટીમ ચંદીગઢ પોસ્ટિંગ તરફ આવી રહી હતી ત્યારે વણઓળખાયેલા ભાંગફોડી તત્વોએ મ્યાનમાર સરહદ નજીક આ હુમલો કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં જવાનો શહીદ થયા છે. તાજેતરના સમયના આ સૌથી વિનાશક હુમલો હતો. છેલ્લા ૧૬ વર્ષમાં સૌથી પ્રચંડ હુમલા તરીકે આને જોવામાં આવે છે. પ્રાપ્ત માહિતી મુજબ ઈમ્ફાલથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે ટેન્ગનોપાલ-નવી સમતલ રોડ ઉપર આજે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ આ હુમલો કરવામાં આવ્યો હતો. આઈઈડીનો હુમલો કરવામાં આવ્યો હતો. સેનાના પ્રવક્તાએ કહ્યું હતું કે, સેનાના જવાનોને લઈને જતાં ચાર વાહનો ઉપર ગ્રેનેડો પણ ઝીંકાયા હતા. ગોળીબાર પણ કરાયો હતો. સેનાનો કાફલો પારાલોંગ અને ચારોંગ ગામ વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આ હુમલો કરાયો હતો. શહીદ થયેલાઓમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર, સાત અન્ય રેન્કના ઓફિસર, એક સિગ્નલ કોન્સ્ટેબલ, એક આર્મી સર્વિસ કોર્પ ડ્રાઈવરનો સમાવેશ થાય છે. તમામના મૃતદેહ ખરાબરીતે અસ્તવ્યસ્ત થઈ ગયા છે.

સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, પ્રધાન મનોહર પારીકરે આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને ખાતરી આપી છે કે, જે લોકોએ આ કાયરતાપૂર્વક કૃત્ય કર્યું છે તે લોકોને પકડી પાડવામાં આવશે અને તેમને બોધપાઠ ભણાવવામાં આવશે. પોતાના પ્રાણોની આહૂતિ આપનાર જવાનના પરિવાર પ્રત્યે પણ પારીકરે સંવેદના વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, આર્મી મણિપુર રાજ્યમાં શાંતિ અને સ્થિરતા લાવવા માટે તમામ પગલા લેશે. બીજી બાજુ ઈજાગ્રસ્ત જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બંડખોરોને પકડી પાડવા માટે મોટાપાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. બનાવથી સમગ્ર મણિપુર સરકાર અને કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે.



**અનાજ ઉત્પાદનને અસર નહીં થાય : જેટલી**

## મોનસુનને લઈને દહેશતમાં રહેવાનું કોઈ જ કારણ નથી

નવીદિલ્હી,તા. ૪

નાણામંત્રી અરુણ જેટલીએ આજે એવી અટકળોને ફગાવી દીધી હતી કે, મોનસુનની સ્થિતિ નબળી રહેવાથી કોઈ દહેશત છે. જેટલીએ કહ્યું હતું કે, મોનસુન અંગે હાલમાં ચાલી રહેલી અટકળો ગેરમાર્ગે દોરનાર છે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મોનસુન અંગે એડવાન્સ આગાહીના સંદર્ભમાં મિડિયામાં અહેવાલ વાંચ્યા બાદ જેટલીએ આજે કહ્યું હતું કે, લોકોને ચિંતામાં રહેવાની જરૂર નથી. કોઈપણ પ્રકારની સ્થિતિ, ફુગાવાને લઈને મોનસુનની આગાહીના આધાર પર કોઈ ચિત્ર ખેંચી કાઢવું યોગ્ય નથી. આ પ્રકારની પરિસ્થિતિ તેઓ નિહાળી રહ્યા નથી. ભારતીય હવામાન વિભાગે હાલમાં જ મોનસુન માટેની આગાહી ૯૩ ટકાથી ઘટાડીને લોંગપિરિયડ એવરેજના ૮૮ ટકા કર્યુ હતું. બિન સત્તાવારરીતે ૯૦ ટકા કરતા ઓછો વરસાદ રહેવાની સ્થિતિમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ છે. પ્રધાને કહ્યું હતું કે, તેઓ આઈએમડીના વરિષ્ઠ વૈજ્ઞાનિકોને મળી ચુક્યા છે. તેમની આગાહી અને અંદાજોના નિરીક્ષણની વિસ્તૃત માહિતી મેળવી ચુક્યા છે. જેટલીએ કહ્યું હતું કે, ભૌગોલિક સ્થિતિ અને મોનસુની વરસાદનો સમય પ્રવર્તમાન વરસાદના કદ કરતા વધારે મહત્વપૂર્ણ છે. તેમના જણાવ્યા મુજબ દેશમાં ઉત્તર પશ્ચિમમાં ઓછો વરસાદ થશે પરંતુ સિંચાઈની સુવિધા પુરતા પ્રમાણમાં રહેલી છે. એડવાન્સ આગાહી એવા સૂચન પણ કરે છે કે, મોનસુન દક્ષિણ, મધ્ય અને ઉત્તર પૂર્વ ઝોનમાં સામાન્યની નજીક રહેશે તેમ જણાવીને જેટલીએ કહ્યું હતું કે, મોનસુન અંગે એડવાન્સ આગાહી ગયા વર્ષ કરતા ઘણી સારી રહી છે. તેઓએ એવી ખાતરી આપવાનો પણ પ્રયાસ કર્યો હતો કે, અનાજના ઉત્પાદન પર ઓછા વરસાદથી કોઈ અસર થશે નહીં. અનાજનો પુરતો જથ્થો દેશમાં ઉપલબ્ધ છે. જો કે, તેમણે કહ્યું હતું કે, મોનસુનની અસર અર્થતંત્ર ઉપર ચોક્કસપણે થશે. ઓછા વરસાદથી જીડીપી વિકાસને માઠી અસર થશે.

## મેગી પ્રકરણ : અમિતાભ બચ્ચન સામે વિરોધ કરાશે

ભુવનેશ્વર,તા. ૪

મેગી વિવાદ દિન પ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે ત્યારે સ્થાનિક રાજકીય સંગઠન કાલિન્ગા સેનાએ મેગી વિવાદના અનુસંધાનમાં પાંચમી જુનના દિવસે ઓરિસ્સાની મેગા સ્ટાર અમિતાભ બચ્ચનની સુચિત યાત્રાનો વિરોધ કરવાની તૈયારી કરી લીધી છે. જેથી અમિતાભ બચ્ચનની તકલીફ પણ વધી ગઈ છે. અમિતાભ બચ્ચન પણ મેગી માટે જાહેરાતમાં વર્ષો પહેલા કામ કરી ચુક્યો છે. કાલિન્ગા સેનાના વડા હેમંત રથે કહ્યું છે કે કાલિન્ગા સેનાના કાર્યકરો બચ્ચનની સામે દેખાવો કરનાર છે. શહેરમાં તેમની સુચિત બેઠકના સ્થળ અને એરપોર્ટ ખાતે અમિતાભ બચ્ચનનો વિરોધ કરવામા આવનાર છે. દેશમાં મેગી નુડલ્સને પ્રમોટ કરવા માટે જાહેરાતમાં કામ કરવા બદલ અમિતાભ બચ્ચન માફી માંગે તેવી માંગ કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે અમિતાભ બચ્ચનને ઓરિસ્સામાં કોઈ પ્રોડેક્ટ પ્રમોટ કરવાની મંજૂરી આપવામાં આવશે નહી. અમિતાભ બચ્ચન આવતીકાલે જ્વેલરી શો રોમના ઉદ્‌ઘાટન માટે અહીં પહોંચનાર છે. બચ્ચનની સાથે તેલુગુ સુપરસ્ટાર નાર્ગાજુન પણ રહેશે. ૨૨મી જાન્યુઆરી ૨૦૦૭ના દિવસે તત્કાલીન ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગ્રેગ ચેપલ પર હુમલો કરવામાં આવ્યા બાદ કાલિન્ગા સેનાના લોકો ચર્ચામાં આવી ગયા હતા. સેનાના કાર્યકર મહારાનાએ વર્ષ ૨૦૦૭માં ભારતીય ટીમમાં ઓરિસ્સાના કોઈ ખેલાડીને સામેલ નહી કરવાના કારણે ગ્રેગ ચેપલ પર હુમલો કરી દીધો હતો. અમિતાભ બચ્ચન આવતીકાલે બીજી વખત ઓરિસ્સા પહોંચી રહ્યા છે. અમિતાભની હવે આવતીકાલની મુલાકાતને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

## મેમ્બરશીપ ઝુંબેશ વેળા ૩૦ લાખ મુસ્લિમ ભાજપમાં ઈન

નવીદિલ્હી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના પગલા અને દેખાવના આધાર પર તેમના અંગે નિર્ણય કરવા મુસ્લિમ સમુદાયના લોકોને અપીલ કર્યા બાદ તેની સીધી અસર દેખાઈ રહી છે. જુદા જુદા રાજ્યો પાસેથી મળેલા અહેવાલના આધાર પર જાણી શકાય છે કે, ભાજપમાં સામેલ થઈ રહેલા મુસ્લિમોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. હાલમાં જ પુરા થયેલી સભ્યપદ ઝુંબેશ દરમિયાન ભાજપમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો જોડાયા છે. આ આંકડા મિસકોલ મારફતે ઉમેરવામાં આવ્યા છે. આંકડો ખુબ જ અભૂતપૂર્વ રહ્યો છે. પક્ષના કાર્યકરો આ ઝુંબેશમાં સામેલ રહ્યા છે. છેલ્લા અપડેટ સુધી હાલમાં હાથ ધરવામાં આવેલી ઝુંબેશ દરમિયાન ૩૦ લાખ મુસ્લિમો ભાજપમાં જોડાયા છે. પક્ષની રાષ્ટ્રીય માઈનોરિટી સેલના વડા અબ્દુલ રશીદ અન્સારીએ કહ્યું છે કે, પાર્ટીમાં મુસ્લિમોનું કુલ સંખ્યાબળ અગાઉ ક્યારે પણ ગણવામાં આવ્યું ન હતું પરંતુ હવે કહી શકાય છે કે, આંકડો બે ગણો થઈ ગયો છે. જે રાજ્યોમાં ભાજપ સત્તામાં છે ત્યાં મુસ્લિમોની સંખ્યામાં સૌથી વધારે વધારો થયો છે. ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો તરફથી આશરે ૧.૭૫ લાખ મિસકોલ નોંધાઈ ચુક્યા છે. આ આંકડો ભાજપને ખુબ પ્રોત્સાહન આપે તે પ્રકારનો છે. અન્સારીનું કહેવું છે કે, આ મોટી સફળતા માટે તમામ લોકો જવાબદાર છે. પાર્ટીમાં મુસ્લિમોને સામેલ કરવા માટે મોટા પાયે ઝુંબેશ હાથ ધરાઈ હતી. મધ્યપ્રદેશમાં સૌથી વધુ ચાર લાખ લોકો પાર્ટીમાં જોડાયા છે જ્યારે ગુજરાતમાં ૨.૬ લાખ લોકો પાર્ટીમાં જોડાયા છે. પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, આસામમાં પણ મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો આમા જોડાયા છે. ઉત્તરપ્રદેશમાં પણ આંકડો લાખોમાં છે. અન્ય પડકાર એ છે કે, જે ૩૦ લાખ લોકો ભાજપમાં જોડાયા છે તેમાં પાર્ટી કાર્યકરોમાં પણ ઘણા લોકો ફેરવાઈ ગયા છે. અંતરને દૂર કરવા અને મુસ્લિમ સમુદાયની અંદર બિનજરૂરી ભાવના જે ફેલાઈ રહી છે તેને દૂર કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે.

**લાલુની પાર્ટી સાથે ગઠબંધન નહી થાય તેવા સંકેત**

## ચૂંટણી તૈયારીમાં લાગી જવા પાર્ટીને નીતિશનુ સ્પષ્ટ સુચન

પટણા,તા. ૪

બિહારમાં મુખ્યપ્રધાન નીતિશ કુમારે એવા સંકેત આપી દીધા છે કે તેમની પાર્ટી વિધાનસભાની ચૂંટણીમાં એકલા હાથે પણ મેદાનમાં ઉતરી શકે છે. આરજેડીના નેતા લાલુ યાદવ સાથે પાર્ટીના સંબંધોમાં તિરાડની સ્થિતી સર્જાઈ



ગયા બાદ હવે આરજેડી અને જેડીયુ વચ્ચે ગઠબંધન પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. તેમના સંબંધિત વિસ્તારોમાં ચૂંટણી લડવાની તૈયારીમાં લાગી જવા માટે નીતિશ કુમારે પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધીઓ અને જુદા જુદા સેલના વડાને સક્રિય થઈ જવા માટે સુચના આપી છે. નીતિશ કુમાર પોતે ૧૭મી જુન સુધી જુદા જુદા જિલ્લામાંથી તેમની પાર્ટીના ધારાસભ્યો અને સાંસદો સાથે સતત બેઠકો કરનાર છે. આરજેડી અને જેડીયુ વચ્ચે હવે ખુલ્લી રીતે મતભેદો સપાટી પર આવી ગયા છે. સુત્રોએ કહ્યું છે કે નીતિશ કુમાર હવે ગઠબંધનને લઈને વધારે આશાવાદી દેખાઈ રહ્યા નથી. જેથી પાર્ટી એકલા હાથે પણ મેદાનમાં ઉતરી શકે છે. જેડીયુની લીડરશીપ માની રહી છે કે ગઠબંધનમાં આરજેડી મોટી સમસ્યા ઉભી કરી શકે છે. કારણ કે લાલુ યાદવ પ્રવર્તમાન જેડીયુની જે બેઠકો રહેલી છે તે બેઠકોની માંગ પણ કરી રહ્યા છે.

લાલુ યાદવની પ્રતિષ્ઠા પણ આ ચૂંટણીમાં દાવ પર લાગેલી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે નીતિશ કુમાર હવે ગઠબંધનને લઈને વધારે સમય નહી બગાડવા ઈચ્છુક છે. જેથી તેઓએ પાર્ટીના તમામ લોકોને જેડીયુની સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરીને લઈને લોકો પાસે જવા માટે સુચના આપી દીધી છે. નીતિશ કુમાર અને લાલુ યાદવ વચ્ચે ખેંચતાણ વધારે ચાલશે તો ભાજપને સીધો ફાયદો થઈ શકે છે. જો કે લાલુની શરતો નીતિશ કુમાર માન્ય રાખનાર નથી.

**સેંસેક્સ કારોબારના અંતે ૨૬૮૧૩ની સપાટીએ**

## ભારે ઉથલપાથલની વચ્ચે વધુ ૨૪ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૪

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે ભારે ઉથલપાથલ વચ્ચે મંદીનો દોર જારી રહ્યો હતો. મેટલ અને ઓટોના શેરમાં તીવ્ર મંદી જોવા મળી હતી. ફાયનાન્સિયલ અને ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં પણ ઉથલપાથલ જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૪ પોઈન્ટ ઘટીને ૨૬૮૧૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ચાર પોઈન્ટ ઘટીને ૮૧૩૧ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં મિશ્ર સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ કારોબાર રહ્યો હતો. માર્કેટ બ્રીડ્‌થ નકારાત્મક રહી હતી. ૨૭૭૨ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૨૭૭ શેરમાં તેજી અને ૧૩૮૧ શેરમાં મંદી રહી હતી. હવામાન વિભાગનું કહેવું છે કે, દક્ષિણ પશ્ચિમ મોનસુન કેરળમાં આગામી ૪૮ કલાકમાં બેસી જશે. વૈશ્વિક બજારમાં પણ આજે ઉથલપાથલ રહી હતી. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓટો, હેલ્થકેર ઈન્ડેક્સમાં એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. રિયાલીટી, કેપિટલ ગુડ્ઝ અને ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. સેંસેક્સના જે શેરમાં આજે તીવ્ર ઉછાળો રહ્યો હતો તેમાં આરઆઈએલ, વિપ્રો, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, એસબીઆઈનો સમાવેશ થાય છે. રિલાયન્સમાં બે ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. એજીએમની બેઠક ૧૨મી જૂનના દિવસો યોજાનાર છે. એક્સિસ બેંકના શેરમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. નેસ્લેના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. નેસ્લે ઈન્ડિયાનો દાવો છે કે મેગી નૂડલ્સના સેમ્પલમાં ધારાધોરણ પાડવામાં આવ્યા છે. જાણકાર નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે બજારમાં હજુ સ્થિતી સારી રહેશે નહી કારણ કે સેન્સેક્સ ૨૭૦૦૦ની નીચી સપાટી પર હોવાથી ભારે દબાણ હેઠળ છે. અત્રે નોંધનીય છે કે શેરબજારમાં ગઈકાલે પણ ઘટાડાનો દોર જારી રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૩૫૧ પોઈન્ટ ઘટીને ૨૬૮૩૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૧ પોઈન્ટ ઘટીને ૮૧૩૫ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૭૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપમાં ક્રમશઃ ૧.૨ અને ૧.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. મોનસૂનને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. દુષ્કાળનો ખતરો વધી રહ્યો છે. સાથેસાથે રેટમાં વધુ કાપની શક્યતા દેખાઈ રહી નથી. હાલમાં જ હવામાન વિભાગે કહ્યું હતુ કે, ૮૮ ટકા સુધી સરેરાશ વરસાદ રહેશે. રિઝર્વ બેંક દ્વારા રેટમાં અપેક્ષા મુજબ કાપ મુકવામાં આવ્યો હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ ન હતી. કારણ કે કેટલાક નબળા પરિબળો દેખાઈ રહ્યા છે.

## ગોવિન્દાની પુત્રી ટીના ટુંકમાં બોલિવુડમાં એન્ટ્રી કરી લેશે

મુંબઈ,તા. ૪

પંજાબી ફિલ્મની દુનિયામાં ભારે ચર્ચામાં રહેલી ગોવિન્દાની પુત્રી ટીના આહુજા ટુંક સમયમાં બોલિવુડ ફિલ્મમાં નજરે પડનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તે ટીના નિર્દેશક સ્મીપ કાંગની આગામી ફિલ્મ સેકન્ડ હેન્ડ હસબંડ નામની ફિલ્મમાં નજેર પડનાર છે. આ પિલ્મ લગ્ન, છુટાછેડા અને અન્ય બાબતો પર આધારિત કોમેડી ફિલ્મ રહેશે. આ ફિલ્મમાં તે જિપ્પી ગ્રેવાલની સાથે નજરે પડનાર છે. નિર્માતા અમોલકસિંહે કહ્યું છે કે જિપ્પી અને ટીના બન્ને બોર્ન સ્ટાર છે. સેકન્ડ હેન્ડ હસબંડ બન્ને કલાકારો માટે શાનદાર લોંચ પેડ તરીકે સાબિત થઈ શકે છે. બન્ને વચ્ચે જોરદાર કેમિસ્ટ્રી લોકોને ખુબ પસંદ પડશે. આ ફિલ્મમાં વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી રતિ અગ્નિહોત્રી, રવિ કિશન, ગીતા બસેરા અને સંજય મિશ્રા



પણ કામ કરી રહ્યા છે. વિજયરાજની પણ ફિલ્મમાં યાદગાર ભૂમિકા રહેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીપ્પી માત્ર એક અભિનેતા જ નથી બલ્કે રોકસ્ટાર તરીકે પણ ઓળખાય છે. જીપ્પીનુ કહેવુ છે કે બોલિવુડની ફિલ્મોમાં કામ કરવાની બાબત તેના માટે ખુબ ગૌરવપૂર્ણ છે. તેનુ કહેવુ છે કે લોકો સુધી પહોંચવાની બાબત તેના માટે સરળ નથી પરંતુ તે તેની કુશળતા સાબિત કરવા માટે ઉત્સુક છે. બીજી બાજુ ટીના અંગે લોકોનુ કહેવુ છે કે તે પણ શાનદાર અભિનેત્રી છે. તેનુ કહેવુ છે કે તેની સરખામણી તેના પિતા સાથે ચાહકો કરશે પરંતુ તે તેમની નકલ કરવા માટે તૈયાર નથી. તે પોતાની રીતે આગળ વધવા માંગે છે.

ટીના બોલિવુડમાં સફળ રહેશે કે કેમ તે સમય બતાવશે પરંતુ તેનાથી ખુબ આશા રહેલી છે. કારણ કે પિતા ગોવિન્દા બોલિવુડમાં હજુ સક્રિય છે. કોઈ સમય તે બોલિવુડમાં ટોપ સ્ટાર તરીકે પણ રહ્યો હતો. જો કે હવે તે ફિલ્મોમાં નહીવત નજરે પડે છે. જો કે તેની પાસે હજુ પણ ફિલ્મો છે.

## પશ્ચિમ બંગાળમાં વધુ એક મુસ્લિમ કર્મીની હકાલપટ્ટી

કોલકાતા,તા. ૪

એમબીએના વિદ્યાર્થી જીસાન અલી ખાનને મુંબઈમાં ડાયમંડ એક્સપોર્ટ કંપનીમાં નોકરી આપવાનો ઈન્કાર કરવાને વધારે સમય થયો નથી ત્યારે હવે વધુ એક મામલો ધર્મને લઈને સપાટી ઉપર આવ્યો છે. હવે કોલકાતામાં એક વ્યક્તિએ મોટી દાઢી રાખવાના કારણે નોકરી ગુમાવી દીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ છેલ્લા છ વર્ષથી આધુનિક ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરનાર મોહમ્મદ ઈસ્લાઈલે આ વર્ષે તેમની નોકરી ગુમાવી દીધી છે. કારણ કે તેમે ૨૦૧૪માં હજથી આવ્યો હતો ત્યારે દાઢી રાખેલી હતી. તેમની વાપસી બાદ તેમના પગારને પણ ઘટાડીને અડધો કરી દેવાયો હતો. આવનારા મહિનાઓમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. આ વર્ષે માર્ચમાં જ્યારે આ વ્યક્તિએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર મનોજ અગ્રવાલ સમક્ષ રજૂઆત કરી ત્યારે ગાર્ડ દ્વારા તેમને ઓફિસમાંથી બહાર કરી દેવાયા હતા અને અગ્રવાલ દ્વારા તેમને ત્રાસવાદી તરીકે ગણાવવામાં આવ્યા હતા. ઈસ્માઈલનું કહેવું છે કે, જ્યારે તેઓ હજથી આવ્યા ત્યારે તેમની દાઢી હતી. કંપનીના એમડીએ કહ્યું હતું કે, તેમને ધમકી આપવાનો તે પ્રયાસ કરી રહ્યો હતો. ઈસ્માઈલે ત્યારબાદ માનવ અધિકાર પંચ, લઘુમતિ પંચ અને મુખ્યમંત્રીની ઓફિસમાં પણ સંપર્ક કર્યો હતો પણ કોઈ પગલા લેવાયા ન હતા.

## ઉત્તર-પૂર્વના સર્વાંગી વિકાસ માટે શાંતિ જરૂરી છે : રિજ્જુ

કોહીમા,તા. ૪

કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ આજે કહ્યું હતું કે, સમગ્ર ઉત્તર પૂર્વ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે શાંતિ ખુબ જરૂરી છે. ઉત્તર પૂર્વ પ્રદેશની સમૃદ્ધિ અને સુરક્ષા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે તેવી વાત કરતા તેમણે કહ્યું હતું કે, શાંતિ અને સમૃદ્ધિના સ્વપ્રને પૂર્ણ કરવા માટે શાંતિની જરૂર છે. કેન્દ્ર સરકારની પોલિસી બિલકુલ સ્પષ્ટપણે પારદર્શક છે. ઉત્તર પૂર્વ પ્રદેશ સમૃદ્ધ બને તેવો હેતુ રહેલો છે. એનડીએ સરકારની સત્તામાં એક વર્ષની પૂર્ણાહૂતિના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં બોલતા પ્રધાને કહ્યું હતું કે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૬૮ વર્ષથી સરકાર ઉત્તર પૂર્વના લોકોની મૂળ ભાવનાને સમજી શકવામાં નિષ્ફળ ગઈ છે. નીતિઓ ઘડતી વેળા પ્રદેશના લોકોની બાબતોને ધ્યાનમાં લેવામાં આવી ન હતી પરંતુ વર્તમાન સરકાર તમામ દિશામાં આગળ વધી રહી છે. બિલકુલ નિચલા સ્તરના લોકોના અભિપ્રાય લેવામાં આવી ચુક્યા છે



જેથી સમાજના દરેક વર્ગના લોકોને લાભ થશે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, નાગરિક સમાજમાં હિંસાને કોઈ સ્થાન નથી. આનાથી માત્ર નુકસાન થાય છે. વિકાસની પ્રવૃત્તિ અટકે છે જેથી આ માર્ગેને છોડીને આગળ વધવાનો સમય આવી ગયો છે. મોડેથી કેન્દ્રીય મંત્રીએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સમીક્ષા કરી હતી. ૩૧ આસામ રાયફલના જવાનો સાથે વાતચીત કરી હતી. મોકોચંગ ખાતે આયોજિત ભાજપની એક વર્ષની સિદ્ધિના પ્રસંગે રિજ્જુએ વિવિધ મુદ્દા ઉપર વાત કરીને લોકોની યોજનાની વાત કરી હતી.

## ઝડપથી ચાલવાથી કેન્સરથી પણ બચી શકાય : અભ્યાસ

લંડન,તા.૪

બ્રિટનમાં તાજેતરમાંજ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઈપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઈ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઈકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.

**વિશ્વ પર્યાવરણ દિન ૨૦૧૫** (પાના નં. ૪ નું ચાલુ)

દરેક ઠંડી કે ગરમીની ૠતુમાં આપણા ઘરનું એરકન્ડિશન મશીન બે ડિગ્રી જેટલું અનુક્રમે ઓછું કે વધુ રાખવાથી આપણે જે બચત કરી શકીએ, તેની ગણત્રી કરીએ. આમ કરવાથી આપણું વીજબીલ અંદાજે ૧૪ ટકા ઘટાડી શકાય છે!!! રિડ્યૂસ, રિયૂઝ અને રિસાયકલની પદ્ધતિ અપનાવીએ. લૅન્ડફિલ સાઈટમાં આપણે જેટલો ઓછો કચરો નાંખીએ, તેથી તેમાંથી નીકળતો ગ્રીનહાઉસ ગેસ પૃથ્વીના વાતાવરણમાં ઓછો ભળશે.

વિશ્વ પર્યાવરણ દિને આપણે જે પ્રવૃત્તિ હાથ ધરી હોઈ, તેવા કાર્યક્રમની નોંધ કરાવીએ. પર્યાવરણીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા યોજાતી રમતોને ટેકો આપીએ. લાઈટના સામાન્ય બલ્બને સ્થાને ફ્લોરોસન્ટ કે એલઈડી બલ્બ બદલીએ. વિશ્વ પર્યાવરણ દિન વિષયક ટ્વિટ કરીને પર્યવરણ સંદેશ વહેતો કરવા મદદ કરીએ.

પર્યારણને અનુરૂપ પ્રવાસ કરીએ. આપણી અવરજવરની શૈલીથી પર્યાવરણ પર થતો પ્રભાવ ઓછો કરવા પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ. પર્યાવરણીય ઉપલબ્ધ વિકલ્પોને સમજીએ. આપણે એકલા કે જૂથમાં મળીને પર્યાવરણ પર સકારાત્મક પ્રભાવ ભો કરી શકાય તેવી નાનીમોટી પ્રવૃત્તિઓની જાણકારી મેળવીએ.

સ્થાનિક કે નજીકના વિવિધતા સભર ઉદ્યાન કે નગરના જાહેર બાગબગીચા જેવા સ્થળોની મુલાકાત લઈને કુદરતી વિવિધતાની કાળજી લેવાનું સમજીએ. આપણી પ્રવૃત્તિને વીડિયોબ્લોગમાં મૂકીએ. મિક્સ્ચર, કમ્પ્યૂટર, માઈક્રોવૅવ, વૉશિંગ મશીન, વગેરે વીજ ઉપકરણો દેખીતીરીતે બંધ હોવા છતાં, તેમાં અલ્પ અંશે વીજ પ્રવાહ વહે છે, આથી સ્વિચ ઓફ કરીએ કે તેનો પ્લગ કાઢી નાંખીએ.

આપણા પાણી વપરાશની તપાસ કરીએ. ટપકતા પાણીના નળ કે વાલ્વની મરામત કરીએ. ફૂવારો થોડી થોડીવારે ચાલુબંધ કરીએ. દાંતમ્હોં સાફ કરતી વખતે નળનું પાણી સતત વહેતું ન રાખીએ. વિશ્વ પર્યાવરણ દિન તેમજ પૃથ્વીની માવજત કરવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ શોધીએ. વિશ્વને હરિત બનાવવાની યુવા પેઢીને તક મળી છે. આપણા ક્લાસ કે ક્લબ દ્વારા પર્યાવરણ દિને પ્રવૃત્તિઓ યોજવા યુવાનોને પ્રોત્સાહિત કરીએ. યુવાનો અનોખું સર્જન કરવા સમર્થ છે. આમ વ્યક્તિગત પગલાંઓ જયારે સામૂહિક રીતે જોડાય, ત્યારે પૃથ્વીની સૌથી નોખી માવજત થઈ શકે છે! કચરો એકંદરે ન રહે તેવું હવે વર્તમાન વલણ છે. હવા, પાણી અને માટીની કુદરતી સંપદાનો વિવેકથી ઓછામાં ઓછો વપરાશ કરીએ અને હાનિકારક ગ્રીનહાઉસ ગેસનું ઓછામાં ઓછું ઉત્સર્જન થાય તેવા વિકલ્પો પસંદ કરીએ.

ઉજ્જળ ભવિષ્યની ખાતરી રાખવા માટે પૃથ્વીની કુદરતી સીમાઓમાં રહીને જ જીવન જીવવાનો ઉપાય ખૂબ જ અનુકૂળ વ્યૂહ છે. દરેક વ્યક્તિ વિશ્વ પર્યાવરણ દિને સરળ પગલાંની પ્રવૃત્તિ કરીને નોખી રીતે અનોખું યોગદાન આપી શકે છે. ચાલો, આપણે સૌ જૈવ વિવિધતાનું સંરક્ષણ કરીએ, અને આપણી એકની એક જ પૃથ્વીની સંપદા કાળજીથી વાપરીએ...